તા.૩૧/૦૩/૨૦૨૦ તેમજ તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના વયનિવૃત્ત થતા સરકારી કર્મચારીઓ/અધિકારીઓને Pay-Pensionના ધોરણે કરાર આધારિત નિમણૂંક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૧૯/૪૨૧૧૯૬/ગ-૨
સચિવાલય,ગાંધીનગર
તા.૩૧/૦૩/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.નો તા.૦૭/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨
(૨) સા.વ.વિ.નો તા.૧૭/૫/૨૦૧૮નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
(૩) સા.વ.વિ.નો તા.૨૧/૫/૨૦૧૮નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
(૪) સા.વ.વિ.નો તા.૨૯/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૯/૧૮૬૧૩૬/ગ-૨
(૫) સા.વ.વિ.નો તા.૦૪/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્ર.:-આરઈએમ/૧૦૨૦૧૯/૪૨૧૧૯૬/ગ-૨
(૬) સા.વ.વિ.નો તા.૦૪૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃઆરઇએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭ગ-૨.
(૭) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૩.

## પરિપત્ર

તાજેતરમાં સમગ્ર વિશ્વ/દેશ તથા રાજયમાં કોરોના વાઇરસ (Covid-19)નો રોગચાળો ફેલાયેલ છે. આ રોગચાળાને નિયંત્રણમાં લેવા અને પ્રસાર અટકાવવા માટે રાજય સરકાર ધ્વારા અનેક વિધ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે.

૨. રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારી/કર્મચારીઓ બહોળા પ્રમાણમાં આ કામગીરીમાં રોકાયેલ છે. તેઓની સેવાઓ વિશાળ જનહિત સાથે સંકળાયેલ હોવાથી સંબંધિત અધિકારી/ કર્મચારીઓ તા.૩૧/૦૩/૨૦૨૦ તેમજ તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ વયનિવૃત્ત થવાના કારણે હાલના સંજોગોમાં રાજય સરકારની કામગીરી પર વિપરીત અસર થવાની સંભાવના રહેલી છે.

૩. રાજય સરકારની કામગીરીને વિપરીત અસર થાય નહીં તે હેતુથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ તેઓના હસ્તકના ખાતાના વડા/કચેરીના વડાની કચેરીઓમાંથી તા.૩૧/૦૩/૨૦૨૦ તેમજ તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ વયનિવૃત્ત થતા અધિકારી/કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ઠરાવો અને પરિપત્રોની જોગવાઇને આધિન તા.૩૧/૦૩/૨૦૨૦ના રોજ વયનિવૃત થતાં અધિકારી/ કર્મચારીઓને નિવૃત્તિ બાદ તા.૧/૪/૨૦૨૦ થી તા.૩૧/૫/૨૦૨૦ સુધી એટલે કે બે માસ માટે અને તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ વયનિવૃત થતા અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ બાદ તા.૧/૫/૨૦૨૦ થી તા.૩૧/૫/૨૦૨૦ સુધી એટલે કે એક માસ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ રજૂઆતના રાહમાંથી મુકિત આપી તેઓને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવામાં આવે છે.

૪. આ હુકમ મુજબ વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક પામનાર અધિકારી/કર્મચારીઓને એકત્રિત વેતન તરીકે સંબંધિતને નિવૃત્તિની તારીખે તેના પગારધોરણમાં જે કુલ વેતન મળતુ હોય તે

વેતનમાંથી મળતુ મૂળ પેન્શન બાદ કરતા જે રકમ આવે તે રકમ માસિક એકત્રિત વેતનના દરે (એટલે કે Pay-Pension) તરીકે મળવાપાત્ર થશે.

૫. આ અંગેના વિગતવાર હુકમો સંબંધિત સત્તાધિકારીએ કરવાના રહેશે.

૬. સંબંધિત સત્તાધિકારી ધ્વારા કરવામાં આવેલ હુકમોની નકલો સાથે જરૂરી વિગતો સામાન્ય વહીવટ વિભાગને દિન-૧૫માં મોકલી આપવાની રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સમાનક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગ અને સક્ષમકક્ષાએથી તા.૩૧/૦૩/૨૦૨૦ રોજ મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. ત્રિ.

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

**માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.**
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
**મુખ્ય સચિવશ્રીનાં સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
**અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
સચિવાલાયના તમામ વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૧ (ઓડિટ),ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૨ (એ.એન્ડ.ઇ.),ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
એડિશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદ/ગાંધીનગર.
નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.સિસ્ટમ મેનેજર,સામાન્ય વહીવટ વિભાગ,વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
પસંદગી ફાઇલ.
*પત્ર દ્વારા